# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 28-10-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

*************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે વડોદરામાં સી-295 લશ્કરી વિમાનોના નિર્માણ માટે ટાટા એરક્રાફ્ટ કૉમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કર્યું
- વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે ભારત અને સ્પેનના પ્રતિનિધિઓ વચ્ચે મળેલી દ્વીપક્ષીય બેઠકમાં વિવિધ મુદ્દાઓ પર કરાર થયા
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમરેલીમાં 4 હજાર, 800 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું
- જમ્મૂ કાશ્મીરના અખનૂરમાં આંતકવાદીઓ સાથેના ઘર્ષણમાં એક આતંકી ઠાર
- અને ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ગાઝાપટ્ટીમાં ટૂંકા ગાળાના યુદ્ધ વિરામ પ્રસ્તાવને ફગાવ્યો.

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM MODI VADODARA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે આજે ગુજરાતના વડોદરામાં સી-295 લશ્કરી વિમાનોના નિર્માણ માટે ટાટા એરક્રાફ્ટ

કૉમ્પલેક્સનું ઉદ્ઘાટન કર્યું. તે ભારતમાં લશ્કરી વિમાનના નિર્માણ માટે ખાનગી ક્ષેત્રની પ્રથમ અંતિમ અસેમ્બ્લી લાઇન છે.

આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યુ કે ટાટા એરક્રાફ્ટ કૉમ્પલેક્સ  વૈશ્વિક વિમાન નિર્માણમાં વિશ્વાસપાત્ર ભાગીદાર તરીકે ભારતની સ્થિતિને મજબૂત બનાવે છે. તેમણે કહ્યું કે આ ફેક્ટરી માત્ર ભારત-સ્પેનના સંબંધોને જ સશક્ત નથી બનાવતી પરંતુ 'મેક ઇન ઇન્ડિયા' અને 'મેક ફૉર ધ વર્લ્ડ'ના મિશનને પણ બળ આપે છે.

સરંક્ષણ ઉત્પાદન ક્ષેત્રે ભારતની વધતી ક્ષમતાઓ વિશે વાત કરતા શ્રી મોદીએ જણાવ્યું કે એ દિવસો દૂર નથી જ્યારે ભારત વિશ્વ માટે પ્રવાસી વિમાનોનું ઉત્પાદન કરશે, અને ભારતના સૂક્ષ્મ, લઘુ તેમજ મધ્યમ ઉદ્યોગોનો તેમાં મોટો ફાળો હશે.

(BYTE 01 PM MODI MAKE IN INDIA)

પ્રધાનમંત્રીએ દેશના સંરક્ષણ ક્ષેત્રના અભૂતપૂર્વ વિકાસનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષોમાં દેશમાં લગભગ એક હજાર સંરક્ષણ સ્ટાર્ટઅપ સ્થાપવામાં આવ્યા છે. છેલ્લા દસ વર્ષ દરમિયાન દેશની સંરક્ષણ નિકાસમાં ત્રીસ ગણો વધારો થયો છે. ભારત હવે વિશ્વના 100થી વધુ દેશોમાં સંરક્ષણ ઉત્પાદનોની નિકાસ કરે છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે વડોદરામાં ઉભું કરાયેલ આ એરક્રાફ્ટ કૉમ્પલેક્સ દેશનાં યુવાનોને કૌશલ્ય તેમજ ટેક્નોલોજીની માહિતી આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે, સાથે જ રોજગાર માટે હજારો તકો પણ ઉભી કરશે.

આ પ્રસંગે સંબોધન કરતા સ્પેનના પ્રધાનમંત્રી પેટ્રો સાંચેઝે જણાવ્યું કે એરબસ અને ટાટા વચ્ચેની ભાગીદારી ભારતીય એરોસ્પેસની પ્રગતિમાં ફાળો આપશે. સાથે જ યુરોપિયન કંપનીઓના આગમાન માટેના દ્વાર પણ ખોલશે.

કાર્યક્રમ બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રીએ એક રોડ શો દરમિયાન વડોદરાના લોકોનું અભિવાદન ઝિલ્યૂં હતું.

## INDIA- SPAIN BILATERAL TALKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સેંચાઝ વચ્ચે થયેલ દ્વીપક્ષીય બેઠકમાં વેપાર અને રોકાણ, આઇટી અને નવાચાર, સંરક્ષણ, સુરક્ષા, પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉપરાંત યુક્રેન અને પશ્ચિમ એશિયા સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા થઈ. બંને દેશોના નેતાઓ અને પ્રતિનિધિ મંડળ વચ્ચે વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે દ્વીપક્ષીય યોજાઈ હતી.

આ અંગે વધુ માહિતી આપતા વિદેશ મંત્રાલયના પશ્ચિમી ક્ષેત્રના સચિવ તન્મય લાલે જણાવ્યું કે બંને દેશો વચ્ચે રેલ, જકાત, રોકાણ માટે નાણાકીય વ્યવસ્થા તેમજ સાસ્કૃતિક આદાન - પ્રદાન અંગેના કરારો પર સમજૂતી થઈ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે બંને દેશો 2026ના વર્ષને સંસ્કૃતિ, પ્રવાસ અને AIના વર્ષ તરીકે ઉજવવા માટે સહમત થયા છે.

શ્રી લાલે ઉમેર્યું કે બંને દેશો વચ્ચેનો દ્વીપક્ષીય વેપાર એક હજાર કરોડ રૂપિયા સુધી પહોંચ્યો છે, જ્યારે 240 જેટલી સ્પેનિશ કંપનીઓ ભારતમાં ઉપસ્થિતિ ધરાવે છે.

## EVE PM MODI AMRELI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમરેલીમાં 4 હજાર, 800 કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂત અને લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે જળ સંરક્ષણ સરકારની પ્રાથમિકતા છે. વધુમાં તેમણે ઉમેર્યું કે ભાજપના વડપણ હેઠળની સરકાર દરમિયાન ગુજરાતમાં મોટા પાયે પરિવર્તન અને બહુમખી વિકાસ જોવા મળ્યો છે, જેણે સૌરાષ્ટ્રના સૂકા વિસ્તારોમાં પાણી પહોંચાડ્યું.

શ્રી મોદીએ સૌની યોજના સહિત સરકારની વિવિધ યોજનાઓ પર પ્રકાશ પાડ્યો, જે સૌરાષ્ટ્ર માટે મહત્વની સાબિત થઈ.

(BYTE – PM MODI AMRELI)

તેમણે જાણીતા ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકિયા દ્વારા હાથ ધરાયેલા જળ સંરક્ષણના પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી.

આજે ઉદ્ઘાટન કરાયેલા મુખ્ય પ્રકલ્પોમાં 101.4 કિલોમીટરની ભુજ-નલિયા રેલ લાઇનનું ગેજ રૂપાંતર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH 151, NH 151A, અને NH 51 તેમજ 700 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રધાનમંત્રીએ અમરેલીના દુધાળામાં ભારત માતા સરોવરનું લોકાર્પણ કર્યું હતું.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો આ .રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો વધુ સમાચાર માટે આપ અમારા .એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## EVE J&K-SEARCH OPERATION

જમ્મૂ કાશ્મીરના અખનૂરના બટ્ટલ ગામે લશ્કરી એમ્બ્યૂલન્સ પર હુમલા માટે જવાબદાર આતંકી જૂથ અને સુરક્ષા દળો સાથેના ઘર્ષણમાં એક આતંકી ઠાર મરાયો છે. આકશવાણી જમ્મૂના અમારા સંવાદદાતા જણાવે છે કે મૃત આતંકવાદી પાસેથી મોટા પ્રમાણમાં વિસ્ફોટકો અને હથિયારો મળી આવ્યા છે. વધુ કેટલાક આતંકવાદીઓની શોધખોળ ચાલું છે.

સવારે છ વાગ્યાની આસપાસ કેટલાક આતંકવાદીઓએ લશ્કરની એમ્બ્યુલન્સને નિશાન બનાવી ગોળીબાર કર્યો હતો, જે બાદ જવાબી કાર્યવાહીમાં આ ઘર્ષણ સર્જાયું હતું. સૈન્ય દ્વારા તપાસ અભિયાન દરમિયાન એક હેલિકોપ્ટર પણ તૈનાત કરાયું છે.

## ISRAEL REJECTS CEASEFIRE PROPOSAL

ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ગાઝાપટ્ટીમાં ટૂંકા ગાળાના યુદ્ધ વિરામ માટે ઇજિપ્તના રાષ્ટ્રપતિના પ્રસ્તાવને ફગાવી દીધો છે. ઇજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ સિસ્સી અને અલ્જેરિયાના રાષ્ટ્રપતિ અબ્દેલમાજિદ તેબ્બોએ કેરોમાં સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન રજૂ કરેલ આ યુદ્ધ વિરામ પ્રસ્તાવમાં, પેલેસ્ટિનિયન કેદીઓ માટે ચાર ઇઝરાયેલી બંધકોને મુક્ત કરવા માટે બે દિવસ માટે યુદ્ધ વિરામનું સૂચન કરાયું છે. જે પછી કાયમી યુદ્ધ વિરામ માટે 10 દિવસમાં વાટાઘાટોનો પ્રસ્તાવ છે.

ઘણા ઇઝરાયેલી મંત્રીઓના સમર્થન થતાં નેતન્યાહૂએ આ પ્રસ્તાવનો ભાર પૂર્વક વિરોધ કરતા જણાવ્યું કે, વાટાઘાટો યુદ્ધની સ્થિતિમાં જ થશે.

અમેરિકા, ઇજિપ્ત અને કતરે યુદ્ધ વિરામની પહેલ કરી હતી. જોકે નેતન્યાહૂએ આ પ્રસ્તાવને ફગાવી દેતા, કેદીઓની આપ-લે અટકી ગઈ છે.

ગત વર્ષે ઑક્ટોબર માસમાં હમાસે ઇઝરાયેલમાં કરેલી ઘૂષણખોરી બાદથી આ સંઘર્ષની શરૂઆત થઈ હતી. હાલમાં જ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે તાત્કાલિક સંઘર્ષ વિરામ લાગુ કરવા માટે આહ્વાન કર્યું હતું, આમ છતાં ઇઝરાયેલની સેનાએ હુમલા ચાલુ રાખ્યા છે.

## REV. BJP MAHARASHTRA LIST

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને પગલે ભાજપે ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી છે. પક્ષે સ્નેહા દુબેને વસઈથી, સુધાકર કોહલેને નાગપુર પશ્ચિમ બેઠક પરથી ટિકિટ ફાળવી છે. આશિષ રંજીત દેશમુખ સાવનેર બેઠક પરથી ચૂંટણી લડશે. ભાજપે અત્યાર સુધીમાં 146 ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

મહારાષ્ટ્રની 288 બેઠકો માટે 20 નવેમ્બરના રોજ મતદાન થશે. અને 23 નવેમ્બરના રોજ મતગણતરી થશે.

## IMD-WEATHER

હવામાન વિભાગે આંધ્ર પ્રદેશના તટિય ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છેઆ ઉપરાંત તટિય કર્ણાટકમાં . પણ વરસાદની શક્યતા છેહવામાન વિભાગ . અનુસાર તમિલનાડુ, પુડુચેરી, કોડાઇકેનાલ, કેરળ, માહે, લક્ષદીપમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છેદેશના અન્ય ભાગોમાં તાપમાનમાં . ખાસ ફેરફારની શક્યતા નહિવત છે.

## PM ROJGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા નવા નિમાયેલા યુવાનોને 51 હજારથી વધુ નિમણૂંક પત્રોનું વિતરણ કરશે. આ રોજગાર મેળો દેશભરમાં 40 સ્થળોએ આયોજીત કરાશે. નિમણૂંક પત્ર મેળવનારા યુવાનો સરકારના વિવિધ મંત્રાલયો તેમજ વિભાગોમાં નિયુક્ત થશે.

આ રોજગાર મેળો રોજગાર સર્જનને પ્રાથમિકતા આપવા પ્રત્યે પ્રધાનમંત્રીની વચનબદ્ધતાને દર્શાવે છે. સાથે જ રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા માટે રોજગારની તકો સાથે યુવાનોને સશક્ત બનાવશે.

નિમણૂંક થયેલા યુવાનોને આઇગૉટ કર્મયોગી પોર્ટલ પર ઉપલબ્ધ ઓનલાઇન મૉડ્યૂલ દ્વારા મૂળભૂત શિક્ષણ લેવાની તક મળશે. આ પોર્ટલ પર 14થી વધુ ઇ-લર્નિંગ અભ્યાસક્રમ ઉપલબ્ધ છે.